**મહુધા ના મે.પ્રિન્સિપાલ સિવિલ જજ સાહેબ શ્રી ની કોર્ટ માં , મુકામ– મહુધા**

**રે.દિ.કેસ નં.– ૦૩/૨૦૨૩**

<u>આંક–૦૫ ની વાદી ની સી.પી.સી. ઓ. ૩૯ , રૂલ્સ–૧ તા ૨ મુજબ ની કામલચાઉ મનાઈ હુકમ મેળવવા નીઅરજી લગત હુકમ</u>

| |
|---|
| વાદી ના તરફે વિ.વ.શ્રી એસ.જી.પઠાણ |
| પ્રતિવાદી નંબર–૧ તરફે વિ.વ.શ્રી એન.જે.પંડયા |
| પ્રતિવાદી નંબર–૨ તરફે વિ.વ.શ્રી જી.કે. મકવાણા |

સદર કામે આજ વાદી તથા પ્રતિવાદી હાજર છે. વાદી ના વિ.વ.શ્રી તથા પ્રતિવાદી ઓ ના વિ.વ.શ્રી હાજર છે. સદર કામે પક્ષકારો ની હાજરી માં વાદી ના વિ.વ.શ્રી તથા પ્રતિવાદી ઓ ના વિ.વ.શ્રી ના ઓ એ આંક–૫ ની હાલ ની મનાઈ અરજી લગત શેરો મારી અને જાહેર કરેલ છે કે દાવા ના આખરી નિકાલ સુધી દાવાવાળી મિલ્કત ની યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા નો હુકમ કરવા માં આવે તો તેઓ પક્ષકારો ને વાધો નથી., આ શેરો તથા પક્ષકારો ના

*B.M.Parmar*
*Principal Civil Judge*
*Mahudha*

વિ.વ.શ્રી ની રજુઆત ધ્યાને રાખી ન્યાય ના હીત માં નીચે મુજબ હુકમ કરવા માં આવે છે.

## હુકમ

(૧) સદર દાવા ના બંને પક્ષકારો એ દાવાવાળી તકરારી મિલ્કત ની દાવા ના આખરી નિકાલ સુધી યથાવત પરિસ્થિતિ જાળવી રાખવા નો હુકમ કરવા માં આવે છે.

(૨) અરજી ના ખર્ચ નો નિર્ણય દાવા ના આખરી નિર્ણય ને અનુસરશે.

(૩) આ સાથે આ દાવા ના કામે ઈસ્યુ ફ્રેઈમ કરવા માં આવેલ છે જેથી બંને પક્ષકારો એ ત્રણ માસ માં પોતાના તમામ પુરાવા રજુ કરી દેવા નો હુકમ કરવા માં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મુકામ– મહુધા<br>
તા. ૨૭/૦૯/૨૦૨૪

(ભરતકુમાર મનમોહનભાઈ પરમાર)<br>
પ્રિન્સિ. સિવિલ જજ, મહુધા<br>
(કોડ નં.જીજે.૦૧૩૪૮)

*B.M.Parmar*<br>
*Principal Civil Judge*<br>
*Mahudha*